# જિલ્લા ફેર બદલી કેમ્પ માટેની અગત્યની જાહેરાત

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરતની એક અખબાર યાદી જણાવે છે કે, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાની સામે સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોનુસાર જિલ્લા ફેર બદલીથી સુરત જિલ્લામાં આવવા માટે અરજી કરનાર શિક્ષકો પ્રાથમિક શિક્ષકો / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા પાત્ર થાય છે. અત્રેનાં જિલ્લામાં આવવા માટે પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં જિલ્લા ફેર બદલી અંગેની અરજી કરનાર ઉમેદવારોને **તા.૨૧/૦૨/૨૦૧૯**નાં રોજ **બી.આર.સી. ભવન**, પ્રા.શાળા **કોસાડ, મુ.પો.કોસાડ, તા.ચોર્યાસી, જિ.સુરત ખાતે સવારે-૦૯:૦૦ કલાકે** કેમ્પમાં હાજર રહેવા અંગે અત્રેની કચેરીએથી આર.પી.એ.ડી.થી જાણ કરવામાં આવેલ છે. તથા ઉમેદવારોની યાદી અત્રેની કચેરીની વેબ સાઈટ www.dpeosurat.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. લાગતા વળગતાં શિક્ષકોએ સમયાંતરે અત્રેની કચેરીની વેબ સાઈટ જોતા રહેવું જેથી ભવિષ્યમાં કોલ લેટર ન મળવાના કે અન્ય કારણોસર ગેરહાજર રહેવાનાં કિસ્સાઓ ઉભા ન થાય. ગેરહાજર રહેનાર ઉમેદવારની માંગણી આપોઆપ રદ થયેલ ગણાશે. યાદી અન્વયે સિનીયોરીટી મુજબ પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જરૂરી સાધનિક કાગળો તથા તમામ અસલ પ્રમાણપત્રો (કેમ્પમાં સાથે રાખવાનાં સાધનિક કાગળો તથા પ્રમાણપત્રોની યાદી વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.) સાથે બિનચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

**Sd/-**

(જે.એમ.ખરાડી)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત, સુરત